ગાંધીનગર સમાચાર

**જિલ્લા પંચાયત અને વન વિભાગ વચ્ચે સંઘર્ષના સંકેતો**

# રહેણાંક પ્લોટના વેચાણ મામલે પ્રિમિયમની વિસંગતતા દુર કરાઈ

## પ્રિમિયમની રકમમાં એકસુત્રતા લાવવા માટે માર્ગ મકાન વિભાગ દ્વારા ઠરાવ કરાયો : પ્રિમિયમ માટે હવે એક જ નિયમ લાગુ પડશે

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગરમાં સરકારી અધિકારીઓ તેમજ કર્મચારીઓને રહેણાંક માટે ફાળવવામાં આવેલા પ્લોટ કે મકાનના વેચાણ તબક્કે પ્રિમિયમ વસુલવાના મામલે વિસંગતતાઓ દુર કરવામાં આવી છે. અગાઉ આ મામલે ગુજરાત રાજય કર્મચારી મહામંડળે માર્ગ મકાન વિભાગને રજુઆત કરી હતી. જેમાં વિભાગના ૨૯ માર્ચ ૨૦૦૧ના ઠરાવની જોગવાઈઓની નીતિ અગાઉના લાભાર્થીઓને પણ લાગુ કરવા માટે રજુઆતમાં જણાંવાયુ હતુ. વિભાગ દ્વારા આ મામલે જરૂરી વિચારણા હાથ ધરવામાં આવી હતી. જે મુજબ શહેરમાં એમ પી એમ એલ એ તેમજ અધિકારીઓ અને કર્મચારીઓને ફાળવવામાં આવેલા રહેણાંકના પ્લોટ અન્વયે વેચાણના કિસ્સામાં અગાઉ વર્ષ ૨૦૦૧ ના ઠરાવ મુજબ શરત નં -૬નો અમલ કરવાનો રહેશે સંબંધિત લાભાર્થીએ જે તે સમયે જમીનની પ્રર્વતમાન બજાર કિંમત પ્રમાણે થતી પ્લોટની કિંમતની રકમમાંથી ભરેલી કબજા હક્કની મુળ રકમ બાદ કરતા રહેલી તફાવતની રકમ સમયગાળાના મુજબ સરકારને જમા કરાવાની રહેશે. જેમાં ૧૦ વર્ષ સુધીમાં ૧૦૦ ટકા, ૧૦ વર્ષબાદ અને ૧૫ વર્ષ સુધીમાં ૭૫ ટકા, ૧૫ વર્ષ બાદ અને ૨૦ વર્ષ સુધીમાં ૫૦ ટકા, ૨૦ વર્ષ બાદ અને ૨૫ વર્ષ સુધીમાં ૨૫ ટકા અને ૨૫ વર્ષ બાદ ૦ ટકા પ્રિમિયમની રકમ તફાવત મુજબ ભરવાની રહેશે. આ ઉપરાંત જે કીસ્સામાં પ્લોટ જમીનની સનદની શરતોમાં ઉપર પ્રમાણેના પ્રિમિયમ કરતા ઓછુ પ્રિમિયમ લેવાનુ ઠરાવામાં આવ્યુ હોય તે કિસ્સામાં સનદની શરતો મુજબનો પ્રિમિયમનો દર ધ્યાને લેવાનો રહેશે. અલબત્ત સનદની શરતો મજુબનો દર લાગુ પડશે. તેમ પણ માર્ગ મકાન વિભાગના ઠરાવમાં જણાંવાયુ છે.



કલ્ચરલ કેમ્પ - વેકેશન હવે અંતિમ ચરણમાં છે... શાળાઓ - સંસ્થાઓ અને સમાજો દ્વારા યોજાતા સમર કેમ્પ પૂર્ણ થવાની તૈયારીમાં છે અથવા થઈ રહ્યા છે... રમત-ગમતના, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના, કલાક્ષેત્રના તથા સાહસિક પ્રવૃત્તિઓના કેમ્પ મોટી સંખ્યામાં યોજાઈ ગયા... ગાંધીનગર અને આસપાસના વિસ્તારોમાં બાળકો અને યુવાનો માટે વેકેશનમાં ઈત્તર પ્રવૃત્તિઓનો ધમધમાટ રહ્યો... હવે, આવતા અઠવાડિયાથી શૈક્ષણિક પ્રવૃત્તિઓનો આરંભ થશે...

# સે-૨૬ ગ્રીન સીટીમાં નર્મદાનુ પાણી આપવાના નિર્ણય બાદ પણ સમસ્યા યથાવત

## ૫૦૦ ની સામે ૨૫૦ એમ એમ ની લાઇનનુ જોડાણ અપાતા પાણીનો પ્રશ્ન હજુ પણ ગુંચવણમાં

ગાંધીનગર તા ૩૧

સે-૨૬ ગ્રીન સીટી વસાહતમાં નર્મદાનુ પાણી આપવાની વાત હજુ પુર્ણ રીતે સાકાર ન થઈ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. જરૂરિયાત સામે નાની પાઈપલાઈનનુ જોડાણ આપવામાં આવતા રહીશોમાં આક્રોશ પ્રવર્તયો છે. ગેઝિયાના ગેરવહીવટના લીધે વસાહતમાં નર્મદાનુ પાણી ફોર્સથી આપવાની યોજના ફળિભુત થઈ નથી.

સે-૨૬ ન્યુ ગ્રીન સીટી વસાહત મંડળના પ્રમુખ સુનિલ શાહના જણાંવ્યા મુજબ સેકટરાની જેમ આ વિસ્તારમાં પણ નર્મદાનુ પાણી સપ્લાય કરવાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. પરંતુ તંત્રના અધિકારીઓ આ મામલે પોતાની જવાબદારીમાંથી વિમુખ થઈ જી આઇ ડી સીના અધિકારીઓને ખો આપી રહયા હોવાની ફરિયાદ ઉઠવા પામી છે.

● અનુસંધાન પાન-૭ પર

# ઉઘરાણી મામલે વાવોલમાં ખાનગી ગોળીબાર

## ફાયનાન્સનો ધંધો કરતા મજનુએ 3 લાખની લેવડ-દેવડમાં વચેટીયા રહેલા યુવાન પર ફાયરીંગ કર્યું : યુવાન બંને ફાયરીંગ વખતે ખસી જતા બચી ગયો : હત્યાના પ્રયાસનો ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરમાં ફાયરીંગ જેવી ઘટનાઓ હવે સામાન્ય થઈ ગઈ હોય તેવો અહેસાસ શહેરીજનોને થઈ રહ્યો છે. સરગાસણ ચોકડી પાસે ખંડણીનો કેસ પાછો ખેંચવા માટે ગાડી ઉપર ધડાધડ ફાયરીંગ થયું હતું. આ ગુનાનો મુખ્ય સુત્રધાર પ્રકાશ ચિનો હજુ પકડાયો નથી ત્યારે વધુ એક ફાયરીંગની ઘટના શહેરને અડીને આવેલા વાવોલ ગામમાં બનવા પામી છે. ૩ લાખ રૂપિયાની ઉઘરાણી માટે વાવોલ પુન્દ્રાસણ રોડ પર સ્થિત ચાર રસ્તા નજીક ફાયનાન્સનો ધંધો કરતા શખ્સે ૩ લાખની લેવડદેવડમાં વચેટીયા રહેલા યુવાનને બોલાવીને તેના પર બે રાઉન્ડ ફાયરીંગ કરી દીધુ હતુ. જો કે બંને ફાયર વખતે યુવાન સમયસુચકતા દાખવીને ખસી જતા જીવથી બચ્યો છે. ફાયરીંગ કરીને હુમલાખોર મજનુ ફરાર થઈ ગયો છે. સે. ૭ પોલીસે તેની સામે હત્યાના પ્રયાસનો અને હથિયાર ધારા હેઠળ ગુનો દાખલ કરી ધરપકડ માટે દોડધામ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ સેક્ટર-૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે ચીપટાઈપ શોપીંગમાં ફાયનાન્સનો ધંધો કરતો અને સે. ૪-સી પ્લોટ નં. ૧૨૮૯/૨માં રહેતા મૌનીક ઉર્ફે મજનુ રમણભાઈ પટેલે વાવોલના સંકલ્પ રેસીડેન્સીમાં રહેતા જગદીશ રણછોડભાઈ પટેલના કહેવાથી

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પંચાયત અને વન વિભાગ વચ્ચે સંઘર્ષના સંકેતો

## પંચાયત સામેની ખુલ્લી જગ્યા વન વિભાગ દ્વારા ફેન્સીંગ થતાં પાર્કિંગને મુદ્દે પંચાયત-વન વિભાગ આમને-સામને આવી જવાના સંકેતો

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લા પંચાયત અને વન વિભાગ વચ્ચે આગામી દિવસોમાં સંઘર્ષ થવાના સંકેતો મળી રહ્યા છે.

'ચ' માર્ગ પર આવેલી જિલ્લા પંચાયત કચેરી સામેની ખુલ્લી જમીન પર વૃક્ષારોપણ માટે વન વિભાગ દ્વારા એક હજાર જેટલા વૃક્ષોનું વાવેતર કરવા માટે ખાડા તૈયાર કર્યા છે. અને વૃક્ષોના સલામત ઉછેર માટે હવે ત્યાં તારની વાડ પણ કરવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના કર્મચારીઓ અને મુલાકાતીઓ આ જગ્યા પર વાહન પાર્કિંગની સમસ્યાને લઈ વાહન પાર્ક કરતા હતા. હવે આ વાહનો ક્યાં પાર્ક કરવા તે એક સમસ્યા બનશે પરિણામે વન વિભાગ અને પંચાયત વચ્ચે આગામી દિવસોમાં સંઘર્ષ ઉભો થવાના સંકેતો મળી રહ્યા છે.

વન વિભાગે પંચાયત સંકુલની બાજુમાં આવેલ ઈન્દિરા ગાંધી તાલિમ ભવનથી ચ-૫ સુધીના માર્ગ પર વાયર ફેન્સીંગ કરી લીધુ છે. આ વિસ્તારમાં પણ નવી સિઝનમાં વાવેતર કરવા માટેના ખાડાઓ તૈયાર કરી દેવામાં આવ્યા છે.

વન વિભાગ દ્વારા હવે તેની હસ્તકની ખુલ્લી જમીનો પર વાયર ફેન્સીંગ કરી લેવાનો નિર્ણય કરેલ છે પણ તેણે તેની જગ્યામાં થયેલા દબાણો કે ગંદકી માટે કામગીરી કરવાનું કામ સૂઝતુ નથી તેવું પંચાયતના વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

# જિલ્લામાં આજથી મેલેરિયા વિરોધી માસની ઉજવણી

## ૧ કરોડ ગબી માછલી ગ્રામ્ય વિસ્તારના તળાવોમાં ઉછેર માટે છોડાશે : ૨.૫૦ લાખથી વધુ લોહીના નમૂનાની ચકાસણી પણ કરાશે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લામાં ૧ કરોડ જેટલી પોરાભક્ષક માછલીઓ ૧ હજારથી વધુ ગ્રામ્ય તળાવોમાં છોડાશે અને ઉછેરવામાં આવશે.

આજથી શરૂ થઈ રહેલા મેલેરિયા વિરોધી માસની ઉજવણી નિમિત્તે જિલ્લા મેલેરિયા તંત્ર એન્ટી લારવેલ અને પોરાનાશક કામગીરીના ભાગરૂપે આ કાર્યવાહી કરવામાં આવનાર છે.

જુન મહિનો મેલેરિયા વિરોધી માસ તરીકે અને જુલાઈ મહિનો ડેન્ગ્યુ વિરોધી માસ તરીકે ઉજવવામાં આવે છે. જિલ્લામાં મેલેરિયાના કેસોમાં ઘટાડો નોંધાયો છે અને જિલ્લો રાજયમાં પ્રથમ સ્પ્રે ફ્રી ડિસ્ટ્રીક્ટ બનવાનું ગૌરવ ધરાવે છે.

આ વખતે મેલેરિયા તંત્રએ તદ્દન નવતર અભિગમ સાથેનો એક્શન પ્લાન પણ તૈયાર કરી દીધો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં બ્લડ સેમ્પલ જે સર્વેલન્સ દરમ્યાન મેળવવામાં આવે છે તેમાં પણ છેલ્લા પાંચ વર્ષથી ૧૦૦ ટકા સિદ્ધિ મેળવી છે.

આ વર્ષે જિલ્લામાં ૨.૫૦ લાખ જેટલા બ્લડ સેમ્પલ લેવાનો લક્ષ્યાંક રાજ્ય કક્ષાએથી ફળવાયો છે અને છેલ્લા ચાર માસ દરમ્યાન ૯૦ હજારથી વધુ લોહીના નમૂનાઓ ચકાસણી માટે મેળવાયા છે. જો કે તેમાં મેલેરિયા પોઝીટીવ હોવાના જૂજ કેસ મળ્યા હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં મેલેરિયા વિરોધી કામગીરી માટે અલાયદો કંટ્રોલરૂમ પણ શરૂ કરવાની વાત આ વખતે તંત્રએ કરી છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ હવે મેલેરિયા નાબુદી પર તેનુ ધ્યાન કેન્દ્રીત કરવા માટે દરેક રાષ્ટ્રને સૂચવ્યુ છે. જે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા દસ વર્ષમાં મેલેરિયાના કેસોની સંખ્યામાં સતત ઘટાડો નોંધાયો છે તે પણ ઉલ્લેખનીય છે.

# અડાલજ સામુહિક આરોગ્ય કેન્દ્રનું રેઢિયાળ તંત્ર જોઈ કલેકટર ચોંકી ઉઠયા

ગાંધીનગર, તા.૩૧

અડાલજ સામુહિક આરોગ્ય કેન્દ્રની આજે જિલ્લા કલેકટરશ્રી સતીષ પટેલે આકસ્મિક મુલાકાત લીધી હતી અને આરોગ્ય કેન્દ્રના રેઢિયાળ તંત્રને જોઈ ચોંકી ઉઠયા હતા અને તંત્રને તાકીદે સુધારાત્મક પગલાં લેવાની ચીમકી આપી હતી.

ગ્રામ સંવાદ સેતુ કાર્યક્રમને લઈ આજે સવારે જિલ્લા કલેકટર અડાલજ ગયા હતા. આ પછી તુરત જ તેઓ સીધા સામુહિક આરોગ્ય કેન્દ્ર પર પહોંચ્યા હતા. જયાં તેમની તપાસમાં મસ્ટરમાં કર્મચારીની સહિઓ નહિ હોવાની, કર્મચારીઓની અનિયમિતતા દેખાઈ આવી હતી. કેન્દ્રમાં વીઝીટર બુક પણ નહોતી. જિલ્લા કલેકટરશ્રીએ આ મુદ્દે તાબડતોબ જિલ્લા આરોગ્ય અધિકારીનું ધ્યાન દોરી આગળની કાર્યવાહી કરવા સૂચના આપી છે એટલું નહિ કરેલી કાર્યવાહીની જાણ તેમને કરવામાં આવે તેવી પણ સૂચના આપી હતી. જિલ્લા કલેકટરશ્રી સતીષ પટેલે આજે લીધેલી આ આકસ્મિક મુલાકાતને લઈ આરોગ્યતંત્રમાં સોંપો પડી ગયો હતો.

અડાલજના આરોગ્ય કેન્દ્રની સેવાઓ છેલ્લા થોડાક સમયથી વિવાદમાં ફેલાયેલી છે અહીં અસરકારક અને ગુણવત્તાસભર સેવાઓ ઉપલબ્ધ બને તેવો આગ્રહ પણ કલેકટરે તેમની મુલાકાતમાં વ્યકત કર્યો હતો.

# અડાલજમાં જિલ્લાનો પ્રથમ ગ્રામ સંવાદ સેતુ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લાનો પ્રથમ ગ્રામ સંવાદ સેતુ કાર્યક્રમ આજે અડાલજ ખાતે જિલ્લા કલેક્ટર શ્રી સતીષ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

આજે અડાલજ ખાતે યોજાયેલ આ ગ્રામ સંવાદ સેતુ કાર્યક્રમમાં નવથી પણ વધુ પ્રશ્નો રજુ થયા હતા. જેમાં સર્વિસ રોડ બનાવવા, વાવ નજીકના માર્ગનું રિસરફેસીંગ કરવા, પાણીના બોરની મરામત કરાવવા માટેની મંજૂરી ઝડપથી મળે તે સહિતના મુદ્દાઓ રજુ થયા હતા.

આજના આ ગ્રામ સંવાદ સેતુ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટરશ્રીએ પણ ગ્રામ પંચાયતને વેરા વસુલાત પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવા માટે આગ્રહ કરી વિકાસના કામોમાં જરૂરી તમામ સહયોગ જિલ્લા તંત્ર આપશે તેવી ખાત્રી આપી હતી.

આર્કિયોલોજી (પુરાતત્વ) વિભાગ પંચાયત અને જિલ્લા તંત્રની એક સંયુક્ત બેઠક ટુંકમાં જ યોજવાની હૈયાધારણ પણ કલેક્ટરશ્રીએ આપી હતી. બોરના મરામતની કામગીરી માટે વહીવટી મંજૂરી પણ શક્ય તેટલી વહેલી આપી દેવામાં આવશે.

તેમણે ગામમાં સ્વચ્છતા બાબતે પણ આગ્રહ કરી વાવ અને તેની આસપાસ ચોમાસામાં ગંદકી ના થાય તે જોવા જણાવ્યું હતું. ૧૦૦થી પણ વધુ ગ્રામજનો આ ગ્રામસંવાદ સેતુ કાર્યક્રમમાં જોડાયા હતા.

રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે ગત સપ્તાહે જ જિલ્લા કલેક્ટરોની કોન્ફરન્સમાં ગ્રામ સંવાદ સેતુ કાર્યક્રમો મહિનામાં બે દિવસ કરવા માટે સૂચવ્યુ હતુ જે ઉલ્લેખનીય છે.

આજના આ ગ્રામ સંવાદ સેતુ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર ઉપરાંત જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેસાઈ, જિલ્લા પોલીસ વડાશ્રી વિરેન્દ્રસિંહ યાદવ અને જિલ્લાના અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કરાઈ પોલીસ એકેડેમી ખાતે જિલ્લા તરણ સ્પર્ધા યોજાઈ

## વિજેતા સ્પર્ધકો જુનમાં યોજાનાર રાજય કક્ષાની સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે



ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર જિલ્લાની સ્વીમિંગ કોમ્પીટીશન ગત રવિવારે કરાઈ પોલીસ એકેડેમી ખાતે યોજાઈ હતી. આ સ્પર્ધામાં સમગ્ર જિલ્લામાંથી ૩૯ સ્વીમર્સે ભાગ લીધો હતો. સ્પર્ધાના વિજેતા તરણવીરો આગામી તા. ૪ અને ૫ જુન દરમિયાન અમદાવાદ ખાતે યોજાનાર ૩૩ સબ જુનિયર અને ૪૩ જુનિયર ગુજરાત સ્ટેટ એકવેટિક ચેમ્પિયનશીપ ૨૦૧૬માં ભાગ લઈ ગાંધીનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

જિલ્લા કક્ષાની તરણ સ્પર્ધાના અંતે કરાઈ પોલીસ એકેડેમી ખાતે યોજાયેલ સમારંભમાં મુખ્ય અતિથિપદે બોર્ડર સિકયુરિટી ફોર્સના ડેપ્યુટી કમાન્ડર અજયવીર સિંહે ઉપસ્થિત રહી યુવા તરણવીરોને પ્રેરણાત્મક ઉદબોધન કર્યું હતું. આ ઉપરાંત કરાઈની ગુજરાત પોલીસ એકેડેમીના આસીસ્ટન્ટ ડાયરેકટર

● અનુસંધાન પાન-૭ પર


**બેસણું**



અમારા પૂજ્ય પિતાશ્રી **ઉત્તમરામ પી. પંચાલ**નું દુઃખદ અવસાન તા. ૨૭/૫/૨૦૧૬, શુક્રવારના રોજ થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨/૬/૨૦૧૬, ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦** દરમિયાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન :-** પ્લોટ નં. ૫૧૯/૨, ૫૮, વિરાટનગર સોસાયટી, સેક્ટર-૨૩, ગાંધીનગર મો. ૯૯૨૪૫ ૪૧૧૫૭, મો. ૯૯૨૪૧ ૨૮૬૧૩

લિ.

ગં.સ્વ. શારદાબેન ઉત્તમરામ પંચાલ

કિશન હરેશભાઈ પંચાલ — હરેશ ઉત્તમરામ પંચાલ

વૈભવ હરેશભાઈ પંચાલ — છાયાબેન હરેશભાઈ પંચાલ



**બેસણું**



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **હર્ષદરાય નારદલાલ ત્રિવેદી** તા. ૨૯/૫/૨૦૧૬ને રવિવારના રોજ સ્વર્ગવાસ પામેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨/૬/૨૦૧૬ને ગુરૂવારના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન: બ્લોક નંબર ૭૦/ઈ, ઘર નંબર - ૧૦૮૭, ગુજરાત હાઉસીંગ બોર્ડ, કૃષ્ણનગર, અમદાવાદ

લિ.

જીગર હર્ષદરાય ત્રિવેદી — શારદાબેન હર્ષદરાય ત્રિવેદી

રાહુલ હર્ષદરાય ત્રિવેદી — અમિતા હર્ષદરાય ત્રિવેદી

ફાલ્ગુની હર્ષદરાય ત્રિવેદી


# ભાજપની રાષ્ટ્રીય કાર્યકારીણીની બેઠક ૧૨મીએ અલ્હાબાદ ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૩૧

ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીઓ આગામી ૨૦૧૭માં યોજાનારી છે. ત્યારે ભાજપ આ ચૂંટણીની તૈયારીના ભાગરૂપે ભાજપની રાષ્ટ્રીય કાર્યકારીનીની બેઠક આ વખતે ઉત્તરપ્રદેશમાં ૧૨મી જૂને રાખી છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગત વર્ષ-૨૦૧૪માં યોજાયેલી લોકસભા ચૂંટણીમાં ભાજપે સૈથી વધુ બેઠકો ઉત્તરપ્રદેશમાં મેળવ્યા બાદ હવે ભાજપ ઉત્તરપ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં વિજય મેળવવા માટે મન બનાવી લીધુ છે.

૨૦૧૭માં યોજાનારી ઉત્તરપ્રદેશ વિધાનસભા ચૂંટણીને ધ્યાને રાખીને આ વખતે ભાજે આ વખતે આગામી ૧૨-૧૩ જૂનના રોજ બે દિવસ માટે ભાજપની રાષ્ટ્રીય કાર્યકારીની બેઠક અલહાબાદ શહેરમાં યોજવામાં આવનાર છે.

ભાજપા અધ્યક્ષ અમીત શાહની અધ્યક્ષતામાં યોજાનાર આ રાષ્ટ્રીય કાર્યકારીનીની બેઠકમાં ઉત્તરપ્રદેશ વિધાનસભા ચૂંટણીની તૈયારી માટેનું બ્યુગલ ફૂંકવામાં આવે તેવી શક્યતા છે. આ બેઠકમાં ઉત્તરપ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે અત્યારથી જ ચૂંટણીની તૈયારીઓ શરૂ કરવા અંગે ચર્ચા કરીને ચૂંટણીલક્ષી કાર્યક્રમો ઘડી કાઢીને જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ બેઠકમાં પક્ષની સંગઠન અંગે પણ ચર્ચા વિચારણાઓ કરીને કાર્યક્રમો આપવામાં આવશે. આ ઉપરાંત આ બેઠકમાં અગાઉ મળેલી બેઠકો તેમજ અત્યાર સુધીની મહત્વની બાબતો અને કાર્યક્રમો અંગે પણ જાણકારી આગેવાનોને આપવામાં આવશે. આ બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપરાંત ભાજપના રાષ્ટ્રીય હોદ્દેદારો કારોબારીના સભ્યો દરેક રાજ્યોના પ્રદેશ પ્રમુખો, મહામંત્રીઓ રાજ્યોના પ્રભારીઓ ઉપસ્થિત રહેશે.


**ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ**
**પ્રવેશ જાહેરાત ૨૦૧૬-૧૭માં સુધારો**

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા તા. ૨૨-૫-૨૦૧૬ના રોજ વર્તમાન પત્રમાં તેની પ્રવેશ જાહેરાત આપવામાં આવી હતી તેમાં M.Sc. Microbiology માટે નીચે પ્રમાણે સુધારો ધ્યાને લેવો **માઈક્રોબાયોલોજી વિષયમાં સ્નાતક અને ૪ સેમેસ્ટર (૨ વર્ષ).**

**તા. ૩૦-૫-૨૦૧૬** — **કુલસચિવ**



**જોઈએ છે**

**(૧) એકાઉન્ટન્ટ**
ટેલીના જાણકાર તથા હિસાબ-કિતાબના અનુભવીને અગ્રતા

**(૨) કો-ઓર્ડીનેટર**
અંગ્રેજીના જાણકાર

**(૩) સિવિલ એન્જિનિયર**
અનુભવી-બિન અનુભવી

**સંપર્ક**

**એન. એસ. કન્સ્ટ્રક્શન કંપની**
પ્લોટ નં. ૩૧૫/૨, સેક્ટર-૧, ગાંધીનગર
સમય : સવારે ૧૦.૦૦ થી બપોરે ૨.૦૦ દરમિયાન



**જાહેર વિજ્ઞપ્તિ**

સચિવાલય જીમખાના, સેક્ટર-૨૧, ગાંધીનગરના સંકુલમાં આવેલ રેસ્ટોરન્ટ, બેન્કવેટ હોલ અને લોન એરીયા ભાડે આપવાના છે તથા જિમખાના સંકુલમાં નીચે જણાવેલ કામો આઉટ સોર્સીંગ એજન્સીઓ મારફત કરાર આધારે કરવાના છે. આ માટે રસ ધરાવતી એજન્સીઓએ નીચેના પત્રકમાં જણાવ્યા મુજબના સમય અને તારીખે સચિવાલય જિમખાના ખાતે રૂબરૂ મુલાકાત માટે હાજર રહેવા વિનંતી છે. આ કામો કરવામાં રસ ધરાવતી એજન્સીએ જે તે કામ માટેના ભાવ રૂબરૂ મુલાકાત વખતે જ આપવાના રહેશે. આ કામો અંગેની વધુ માહિતી માટે રાજેશ એચ. ઠક્કર, મો. નં. ૯૭૨૫૨ ૦૦૩૦૪ ઉપર સંપર્ક કરવો.

| ક્રમ | કામનો પ્રકાર | તારીખ | સમય |
|---|---|---|---|
| ૧ | રેસ્ટોરન્ટ બેન્કવેટ હોલ અને લોન એરીયા ભાડે લેવા માટે | ૫/૬/૧૬ | સવારે ૯.૦૦ કલાકે |
| ૨ | જિમખાના સંકુલનું સફાઈ કામ (હાઉસ કીપીંગ) | ૫/૬/૧૬ | સવારે ૯.૩૦ કલાકે |
| ૩. | જિમખાના સંકુલની સીક્યુરીટી | ૫/૬/૧૬ | સવારે ૧૦.૦૦ કલાકે |
| ૪. | જિમખાનાની ઓફીસમાં જુદા જુદા કામ માટે ક્વૉલિફાઈડ સ્ટાફ પુરો પાડવાનું કામ | ૫/૬/૧૬ | સવારે ૧૦.૩૦ કલાકે |
| ૫ | સ્વીમીંગ પુલનો વાર્ષિક મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટ | ૫/૬/૧૬ | સવારે ૧૧.૦૦ કલાકે |
| ૬. | જિમનો વાર્ષિક મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટ | ૫/૬/૧૬ | સવારે ૧૧.૩૦ કલાકે |

સહી/-
એચ. ડી. સેઈલર
માનદ્ મંત્રી

માહિતી/૫૩૫/૨૦૧૬-૧૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com